Lakeridge Health


Cynthia Davis
President and
CEO


Dr. Tony
Stone
Chief of Staff

**ફેબ્રુઆરી 10, 2021**

પ્રિય મિત્રો અને પાડોશીઓ,

Lakeridge Health પ્રત્યે તમારું ચાલુ રહેલું પ્રોત્સાહન તેમજ COVID-19નાં ફેલાવાને અટકાવવા માટેનાં તમારા પ્રયાસો બદલ તમારો આભાર.

આપણે જ્યારે સાથે મળીને આ વિશ્વવ્યાપી રોગચાળાનો મુકાબલો કરીએ છીએ, ત્યારે પાછલા વર્ષ દરમિયાન દ્વિતીય પ્રાંતીય લૉકડાઉન વખતે આપણે ફરીવાર આપણી જાતને સંકટકાલીન સ્થિતિમાં કેવી રીતે જોઈ હતી એ સ્પષ્ટપણે જાણીને સ્વીકારી શકીએ છીએ. માત્ર કામ-ધંધા-નોકરી માટે જરૂરી સફર ખેડવી પડે એ, જરૂરી ખરીદી કરવા જવું એ, તેમજ આયોજિત તબીબી મુલાકાતો માટે બહાર નીકળવું પડે એ અપવાદ સિવાય લોકો જ્યારે ઘરમાં રહે છે, ત્યારે પાછલા બેએક સપ્તાહોથી COVID-19એ Durhamમાં થોડો ઘટાડો દર્શાવ્યો છે. તેમ છતાં, અમે અમારી હૉસ્પિટલ્સમાં COVID-19ની બહુ મોટી સંખ્યા ધરાવતા દર્દીઓની સારવાર કરવાનું ચાલુ રાખ્યું છે.

વધુમાં, તમારી સેવા કરતી વખતે, અમારા કેટલાક હૉસ્પિટલનાં ભાગીદારો પર COVID-19નાં દબાણનો ભાર હોવાને કારણે અમે  અન્ય પ્રાંતનાં ઑન્ટૅરિઓનાં નિવાસીઓની સંભાળ લેવા માટે અમારા ભાગે આવતી જવાબદારી નિભાવીએ છીએ, તેમજ વૈશ્વિક રોગચાળા સામે પ્રાંતીય પ્રતિક્રિયામાં સહાયભૂત બની રહ્યા છીએ. જો અમને અમારા આ ભાગીદારોની જરૂર પડશે, તો અમે તેમને અમારી સહાયતા કરવા બોલાવીશું.

જે સમયે આપણે સૌ આ વૈશ્વિક રોગચાળાની સમસ્યા પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરવામાં હલાકી ભોગવીએ છીએ, ત્યારે એ જ વખતે દર્દીઓ સાથે સીધો જ સંપર્ક કરનારી અમારી ટુકડીઓ એવા લોકો પ્રત્યે તેમની અદ્ભુત ઉલ્લસિત વૃત્તિ અને વચનબદ્ધતા દાખવે છે કે જેઓને આપણા સમુદાયમાં વિશેષિત સ્વાસ્થ્ય સંભાળ લેવાની જરૂર છે. અમારી ટુકડીઓ અથાગ પ્રયાસ કરી રહી છે તેમજ એક સલામત, ઉચ્ચ-ગુણવત્તાવાળી સંભાળ પૂરી પાડવાની ખાતરી કરવા માટે નાવીન્યપૂર્ણ શોધ કરવાની સાથોસાથ નવી પ્રક્રિયાઓને દાખલ કરતી રહી છે.

**વૅક્સિન અંગે છેલ્લામાં છેલ્લી માહિતી: અગ્રતાવાળી વસ્તીઓમાં પ્રગતિ ચાલી રહી છે**

નવા વર્ષનાં આગમનની સાથોસાથ, પ્રથમ COVID-19ની વૅક્સિન્સને આશાસ્પદ રીતે બહાર પાડવામાં આવી હતી. Lakeridge Health એ બાબતનું ગૌરવ લે છે કે તે ફાઈઝરની COVID-19 વૅક્સિનની વહેંચણી કરતી ઑન્ટૅરિઓની હૉસ્પિટલો પૈકીની એક હૉસ્પિટલ છે. Oshawa Hospitalમાં આવેલી સ્થળ પરની વૅક્સિનની ક્લિનિકની મદદથી અમે 15,000 વૅક્સિન્સને અગ્રતાની વસ્તીઓમાં ક્યારનીય આપી દીધેલી છે: નિવાસીઓને, કર્મચારી-વર્ગને, તેમજ લૉન્ગ-ટર્મ કૅર હોમ (લાંબા ગાળાની સંભાળ લેવા માટનાં ઘરો) અને રિટાયર્મેન્ટ હોમ્સ (નિવૃત્તિ ઘરો)ની જરૂરી એવી સંભાળ રાખતા

સંભાળકર્તાઓને, અને ઉપરાંત જેને કોરોના જેવા ચેપી રોગો થવાનું જોખમ હોય તેવા "હાય–રિસ્ક" સ્વાસ્થ્ય સંભાળ લેતા કાર્યકરોને.

અમારું પ્રવર્તમાન કેંદ્ર-બિંદુ ઑન્ટૅરિઓમાં બહાર પાડવામાં આવેલી તબક્કા 1ની વૅક્સિનને પ્રોત્સાહિત કરવાનો છે. Durham Region Paramedics and Public Healthના સહયોગથી, અમે જેટલું શક્ય બની શકે તેટલું જલદી વૅક્સિન્સની વહેંચણી કરવા બાબત કામ તેમજ વૅક્સિનનાં પુરવઠાને આધારે તબક્કા 1માં ઓળખાયેલા નિર્બળ કે આક્રમણક્ષમ જૂથોનું રક્ષણ કરવા બાબત કામ કરી રહ્યાં છીએ.

અમે જાણીએ છીએ કે તમારામાંથી અનેક લોકો વધારાની બહાર પાડવામાં આવેલી માન્ય વૅક્સિન્સ અંગેના સમાચાર સાંભળવા માટે ઉત્સુકતાપૂર્વક પ્રતીક્ષા કરી રહ્યા છો. આ સમયે અમારું ક્લિનિક સામાન્ય જનતાને વૅક્સિન લેવા માટેની આયોજિત મુલાકાતો પૂરી પાડવા માટે અસમર્થ છે. ઑન્ટૅરિઓની વૅક્સિનને બહાર પાડવા માટેનાં આયોજન અંગેની વધુ વિગત જાણવા માટે, કૃપા કરીને [Ministry of Health website]ની અથવા [Durham Region Public Health website]ની મુલાકાત લો. આવનારા મહિનાઓમાં એ બાબતની ખાતરી રાખવા કે જેટલી જલદી અમને વૅક્સિન્સ પ્રાપ્ત થાય તેવી તરત જ તેને તમને પ્રાપ્ત કરાવી શકીએ એ માટે અમે અમારા ભાગીદારો સાથે ભાગીદારીમાં કામ કરીશું.

**વર્ચ્યુઅલ અર્જન્ટ ક્લિનિક કૅર: તમારા ઘરેથી સંભાળ મેળવવી**

વિશેષ કરીને વૈશ્વિક રોગચાળા દરમિયાન, વધુ સારી સ્વાસ્થય સંભાળની સેવાઓને ચાલુ રાખવાની બાબત એ Lakeridge Healthની પ્રાથમિકતા છે. એવા કાર્યક્રમો, જેમ કે દાખલ ન હોય તેવા બહારના દર્દીનું ડાયૅલિસિસ, માનસિક સ્વાસ્થ્યની સેવાઓ, અને પુનર્વસવાટમાં અમારી સફળતાની પ્રાપ્તિનાં પાયા પર આધારિત, Lakeridge Healthએ નવું Virtual Urgent Care Clinic શરૂ કર્યું છે.

બિન-જીવલેણ પરિસ્થિતિઓ માટે નવું ક્લિનિક વૉક-ઈન ક્લિનિક જેવું જ કામ કરે છે, (એટલે કે, આયોજિત મુલાકાત વિના પણ જેમ તમે દવા મેળવી શકો છો તેમ વૅક્સિન પણ મેળવી શકો છો) પરંતુ નવા ક્લિનિકમાં ફરક એ છે લગભગ ગમે ત્યાંથી મોબાઈલ ફોન દ્વારા અથવા વાઈફાઈની મદદથી સક્ષમ બનાવેલા કૉમ્પ્યુટરમાંથી સંભાળ લઈ શકાય છે. ડૉક્ટર સાથે વાત કરવા અને જરૂરી તબીબી સલાહ મેળવવા, દવાનાં પ્રિસ્ક્રિપ્શન્સ લખાવવા, અને જરૂર પડે તો રેફરલ આપવા (કોઈક દર્દીને ડૉક્ટર પાસે મોકલવા) માટે દર્દીઓ એક સુરક્ષિત નેટવર્કની મદદથી જોડાઈ શકે છે. જો તમે વર્ચ્યુઅલ ક્લિનિકમાં પ્રવેશવા માટે રસ ધરાવતા હો, તો કૃપા કરીને [www.lh.ca]ની મુલાકાત લો.

**સુનિશ્ચિત શસ્ત્રક્રિયાઓ**

એક બાજુથી જ્યારે અમે એવા COVID-19થી પીડિત વધુ ઊભરાતા લોકો માટે તૈયારી કરી રહ્યાં છીએ કે જેમને હૉસ્પિટલમાં દાખલ થવાની જરૂર છે, ત્યારે બીજી બાજુથી Lakeridge Health Oshawa Hospital તેમજ Ajax Pickering Hospitalમાં સુનિશ્ચિત શસ્ત્રક્રિયાઓ કરવાની સંખ્યામાં ઘટાડો કરવા માટેનો મુશ્કેલ નિર્ણય આ સમયે લીધેલો છે.

એક બાજુથી જ્યારે અમે તમામ માટે સલામત વાતાવરણ પૂરું પાડવા માગીએ છીએ ત્યારે બીજી બાજુથી અમારું એ લક્ષ્ય છે કે જેટલી શક્ય બની શકે તેટલી શસ્ત્રક્રિયાઓ કરવાની ચાલુ રાખવી. એક તરફ જ્યારે એક-એક શસ્ત્રક્રિયા એવા એક-એક વ્યક્તિ માટે નાજુક નીવડે છે કે જેને તેની જરૂર છે, ત્યારે બીજી તરફ અમે એવી કોઈ પણ મુલતવી રાખેલ દાખલ થયેલા દર્દીની શસ્ત્રક્રિયાઓને સ્થાને કાં તો એવા કોઈ દર્દીની શસ્ત્રક્રિયા કરી શકીએ છીએ કે જેને દિવસના ભાગે શસ્ત્રક્રિયા

કરાવવાની જરૂર છે અથવા તો અન્ય દાખલ ન થયેલ બહારના દર્દીને તપાસી શકીએ છીએ. જેમ-જેમ અમે COVID-19થી પીડિત એવા બીમાર વ્યક્તિઓની વૃદ્ધિ પામતી સંખ્યા જોઈએ છીએ, તેમ-તેમ અમારે સુનિશ્ચિત કરેલી શસ્ત્રક્રિયાઓને બહુ મોટા પ્રમાણમાં મુલતવી રાખવી પડે છે.

અમે અમારા દર્દીઓની જરૂરિયાતોને સંતોષવાનું કેવી રીતે ચાલુ રાખી શકીએ એ નક્કી કરવા માટે અમે પ્રત્યેક શસ્ત્રક્રિયાનું ઔપચારિકપણે પરીક્ષણ કરીએ છીએ. હંમેશની જેમ, અમે આ નિર્ણયોને જટિલ નૈતિક નિર્ણય લેવામાં સહાયતા મેળવવાનાં એક વિશ્લેષણાત્મક સાધનનો ઉપયોગ કરીને તેમજ અમારા મૂલ્યો સાથે જોડીને લઈ રહ્યાં છીએ. અમે જ્યારે સુરક્ષિત રીતે શસ્ત્રક્રિયાઓ કરી શકીશું ત્યારે જેટલું શક્ય બની શકે તેટલું જલદી શસ્ત્રક્રિયા કરવા માટેનાં નિયમિત પરિમાણને ફરીવાર શરૂ કરીશું.

## COVID-19નું પરીક્ષણ: જો તમને લક્ષણો હોય તો વિલંબ કરશો નહીં

શરૂઆતમાં પરીક્ષણ કરાવવું એ આ વિષાણુ સામે લડવા માટેની એક અત્યંત મહત્ત્વપૂર્ણ બાબત છે. જો તમે કે તમારા ઘરમાંથી કોઈ પણ વ્યક્તિને બીમારી હોય તેવું લાગે, તો અમે તમને તાકીદ કરીએ છીએ કે Covidswab.lh.caમાં તાત્કાલિકપણે COVID-19નું પરીક્ષણ કરાવવાની વ્યવસ્થા માટે અગાઉથી નોંધણી કરાવવી લેવી. વિલંબ કરવાથી વિષાણુ અજાણતાં ફેલાઈ જવાનું જોખમ રહે છે.

સમગ્ર Durham Regionમાં છ (6) COVID-19નાં મૂલ્યાંકન કેંન્દ્રો છે તેમજ ત્રણ ઉપગ્રહના સ્થળો છે. વધુમાં, એક મોબાઈલ COVID-19 ટેસ્ટિંગ બસ હવે સમુદાયમાં – એવા ઘરની બહાર ન નીકળી શકે તેવા માંદા કે વરિષ્ઠ વૃદ્ધો માટે પરીક્ષણની ક્ષમતાઓ લાવી રહી છે કે જેઓ પરીક્ષણનાં સ્થળ સુધી જઈ શકવા માટે અસમર્થ છે. આવી આપસૂઝ કેળવીને મોખરે રહેવા માટે તેમજ આપણા સમુદાયમાં જેઓ સૌથી નિર્બળ છે તેમની મદદ કરવા માટે અમે Durham Region Paramedicsનો આભાર માનીએ છીએ. અમારા પરીક્ષણ કેન્દ્રનાં સ્થળો તેમજ કામકાજનાં કલાકો વિષે જાણવા માટે કૃપા કરીને અમારી websiteની મુલાકાત લો.

## કૃપા કરીને સાવધાની જાળવો

અમે એ બાબતનો સ્વીકાર કરીએ છીએ કે “COVID ફટિગ” (એવી ભલામણ કરવામાં આવેલી રક્ષણાત્મક વર્તણૂકોને અનુસારવા માટે વ્યક્તિનું પ્રેરણાવિહોણી બનવું કે જે સમય જતાંની સાથે પ્રગટ થતી રહી છે અને અનેક લાગણીઓ, અનુભવો અને સમજશક્તિ દ્વારા અસરગ્રસ્ત બને છે) સંપૂર્ણપણે યથાર્થ છે. પરંતુ, હવે બધો જ સમય, અમને તમારી મદદની જરૂર પડશે. કૃપા કરીને મૂળભૂત માનક સંચાલનની કાર્યપદ્ધતિઓને અનુસરવા દ્વારા સાવધાની જાળવો: ઘરમાં રહેવું, માત્ર જરૂરી હેતુઓસર બહાર નીકળવું, માત્ર આપણે જેની સાથે ઘરમાં વસવાટ કરતાં હોઈએ તેમનાં પૂરતો જ સંપર્કને માર્યાદિત બનાવવો, વારંવાર આપણા હાથ ધોતા રહેવા, અને જ્યારે આપણે આપણી એકથી વધુ ઘર ધરાવતી પારિવારિક મંડળીની બહાર નીકળીને અન્ય લોકોને મળીએ ત્યારે માસ્ક અચૂક પહેરી રાખીએ.

સંશોધન લગાતાર એવું દર્શાવે છે કે જાતીય અને વંશીય લઘુમતીઓ COVID-19 દ્વારા અપ્રમાણસર રીતે અસરગ્રસ્ત છે. આ મહિને, જ્યારે અમે **Black History Month**નું સન્માન કરીએ છીએ, ત્યારે એ બાબત મહત્ત્વપૂર્ણ છે કે આપણા આ વૈવિધ્યસભર Durham Region સમુદાયનાં તમામ સભ્યોનું રક્ષણ કરવા અને તેમને સહાય કરવા આપણે સાવધાની જાળવવાનું ચાલુ રાખીએ.

Black History Month એક એવો સમય છે કે જેમાં એવા Black Canadiansની અનેક નોંધપાત્ર સિદ્ધિઓ અને યોગદાનો માટે માન આપવામાં આવે છે કે જેમણે કૅનેડાની તબક્કાવાર પ્રગતિને વધુ વૈવિધ્યસભર, સહાનુભૂતિદર્શક અને એક સમૃદ્ધ રાષ્ટ્ર બનાવવા માટે યોજનાબદ્ધ માર્ગદર્શકના રૂપમાં રચનાત્મક રીતે પ્રભાવ પ્રભાવ પાડ્યો છે. અમારી પાસે એવી અનેક પ્રવૃત્તિઓ અને જાહેરાતો છે કે જેનું અમે સમગ્ર મહિના માટે આયોજન કરીએ છીએ. આમાં Durham Regionની *ટુગેધર વી રાઈઝ* નામની વર્ચ્યુઅલ ઝુંબેશમાં ભાગ લેવાનો સમાવેશ થાય છે. અહીં અમારો વિડિઓ જુઓ અને અમારા કેટલાક આગેવાનો Lakeridge Healthને કેવી રીતે એક એવી સમાવિષ્ટ સંસ્કૃતિ તરીકે નિર્માણ કરવા માટે કાર્ય કરી રહ્યા છે કે જેનાંથી એકબીજાની વિભિન્નતાઓને ઊજવી શકાય એ વિષે સમજાવે છે એ જુઓ.

Black History Monthના સત્યનો સ્વીકાર કરવા તેમજ સમાનતા, ન્યાયસંગતતા અને સામાજિક ન્યાય બાબત ચાલી રહેલી ચળવળમાં સહાયરૂપ બનવા માટે સમગ્ર Durham Regionમાં ચાલી રહેલી અનેક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે અને અમારી સાથે જોડાવવા માટે અમે તમને પ્રોત્સાહિત કરીએ છીએ.

અમને સૌને એવું ઔપચારિકપણે કહેવામાં આવ્યું છે કે અમારા દર્દીઓને સહાનુભૂતિપૂર્વક અને સદ્વ્યવહારપૂર્વક કાળજી લેતી વખતે અમે અમારી કુશળતાનો અને જ્ઞાનનો ઉપયોગ કરીએ. જેમ-જેમ આપણે આ વૈશ્વિક રોગચાળા સામે લડવાનું ચાલુ રાખીએ છીએ તેમ-તેમ અમે આ તબક્કાવાર થતી પરિવર્તનશીલ પ્રગતિને સમગ્ર હેલ્થ કૅર કન્ટિન્યુઅમ (દર્દીને નિવારક સંભાળથી હૉસ્પિટલમાં સંભાળ અને ત્યાંથી પુનર્વસવાટ અને બિન-શસ્ત્રક્રિયાવાળી દવા આપવા સુધીની સંભાળ)ની એવી એક એકીકૃત પ્રણાલી તરફ આગળ ધપી રહ્યા છીએ કે જેમાં અમારી જેને સૌથી વધુ જરૂર છે તેની સાથે રહીને અમે સારવાર કરી શકીએ.

કૃપા કરીને સાજા અને સહીસલામત રહો.

શુભેચ્છા સહ,

Cynthia Davis
President and CEO

Dr. Tony Stone
Chief of Staff